# ગુજરાતનો મહાસંગ્રામ 2012

## વાત વાતમાંથી



- ચૂંટણીના પગલે ગાંધીનગરના ખાદી ભવનમાં ખાદીની ખરીદીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.
- જિલ્લાની પાંચ બેઠકોમાંથી એક બેઠક પર મહિલા ઉમેદવાર લડાવવાની ભાજપમાં વિચારણા.
- ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર ગાંધીનગર (દક્ષિણ)ની બેઠક પર ઉમેદવારી માટે તત્પર છે.
- ગાંધીનગરમાં કેશુબાપા, પુરુષોત્તમ રૂપાલા, શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહિલ, કૌશિક પટેલ, આર સી ફળદુ, શંકરભાઈ ચૌધરીના નિવાસસ્થાને સવાર-સાંજ ટોળેટોળાં ઉમટે છે.
- કોને ટિકીટ મળશે ? કોણ ચાલે એમ છે ? - નગરમાં ઠેર-ઠેર ચર્ચાઓ અવિરત ચાલે છે.
- મંત્રીમંડળના દરેક સભ્યની સામે મજબૂત ઉમેદવાર મૂકવા કોંગ્રેસે રણનીતિ ઘડી છે.

### એકલા હાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર

## મુલાયમ-અખિલેશની પણ ગુજરાત પર નજર કેન્દ્રીત

### મુલાયમ અને અખિલેશ જોરદાર ચૂંટણી પ્રચારના મૂડમાં

### ૧૯ બેઠક પર મુસ્લિમ ઉમેદવારો ઉતારવા નિર્ણય



અમદાવાદ, તા.૨

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને માત્ર ભાજપ અને કોંગ્રેસ જ નહીં બલ્કે અન્ય રાજકીય પક્ષો પણ સક્રિય થઈ ગયા છે. ગુજરાત ચૂંટણી ઉપર સમાજવાદી પાર્ટીએ પણ આ વખતે ધ્યાન કેન્દ્રીત કરી દીધું છે. જનતાદળ યુનાઈટેડ પણ ગુજરાતમાં ઘણી બેઠકો ઉપર ચૂંટણી લડનાર છે. સમાજવાદી પાર્ટી, જનતાદળ યુનાઈટેડ, એનસીપી અને ગુજરાત પરિવર્તન પાર્ટી જેવા પક્ષો આ વખતે ભાજપ અને કોંગ્રેસના મતોમાં ગાબડા પાડી શકે છે. ગુજરાતમાં પ્રચાર કરવા માટે સમાજવાદી પાર્ટીના વડા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવ પણ તૈયારી કરી ચૂક્યા છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ પણ આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને પ્રચાર કરનાર છે. ગુજરાતમાં સમાજવાદી પાર્ટીની જવાબદારી સંભાળી રહેલા રામલાલ સુમને ડિસેમ્બર ૨૦૧૨માં યોજાનાર ચૂંટણીને લઈને ૫૩ ઉમેદવારોની યાદી જાહેર કરી ચૂક્યા છે.

સુમનનું કહેવું છે કે આ ૫૩ ઉમેદવાર પૈકી ૧૯ ઉમેદવારો લઘુમતી સમુદાયના છે. આ તમામ લોકો સમાજવાદી પાર્ટીના પ્રતિક ઉપર ચૂંટણી લડનાર છે. ગુજરાત ઉપર તમામ નજર કેન્દ્રીત થઈ ગઈ છે. સમાજવાદી પાર્ટી કોઈપણ રાજકીય પક્ષને ટેકો આપનાર નથી. ગુજરાતમાં એકલા હાથે ચૂંટણી લડવાનો આ પાર્ટીએ નિર્ણય કર્યો છે. પક્ષના ટોચના નેતાઓ આક્રમક ચૂંટણી પ્રચાર કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે.

આ વખતની ચૂંટણી વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૭ની ચૂંટણી મોદી માટે વધારે પડકારરૂપ બને તેવી વાત તમામ જાણકાર લોકો સ્વીકારી રહ્યા છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. જેના માટેની તૈયારીમાં રાજકીય પક્ષો અને ચૂંટણી પંચ સંપૂર્ણપણે તૈયાર છે. નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા સાવચેતીના તમામ પગલાં પહેલાંથી જ લેવામાં આવી ચૂક્યા છે. આગામી દિવસોમાં તમામ લોકો ઉપર પંચની નજર રહેશે.

## અમદાવાદના આંકડા

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં વિધાનસભાની ૧૮૨ બેઠકો છે જ્યારે અમદાવાદમાં વિધાનસભાની ૨૧ બેઠકો છે. અમદાવાદમાં ૪૬૦૦૦ કર્મચારીઓની ટૂંકી યાદી તૈયાર કરી લેવામાં આવી છે જેને તાલિમ આપવામાં આવશે. અમદાવાદના આંકડા નીચે મુજબ છે.

| | |
|---|---|
| પોલીંગ સ્ટેશન | ૪૮૫૬ |
| વિધાનસભા બેઠક | ૨૧ |
| અધિકારીઓ રોકાશે | ૨૪૫૧૨ |
| અધિકારીઓની ટૂંકી યાદી | ૪૬૦૦૦ |
| પ્રેસાઈડીંગ ઓફિસર | ૬૦૭૦ |
| મહિલા પોલીગ ઓફિસર | ૬૦૭૦ |
| ફર્સ્ટ પોલીગ ઓફિસર | ૬૩૦૪ |

## અમદાવાદમાં.....

## .....ક્યાં કેટલા મતદાર

| મતવિસ્તાર | મતદાર | પોલીંગ સ્ટેશન |
|---|---|---|
| ઘાટલોડિયા | ૨૮૦૯૪૩ | ૩૦૯ |
| વિરમગામ | ૨૩૯૬૦૩ | ૩૦૭ |
| વેજલપુર | ૨૬૯૪૪૯ | ૨૯૦ |
| દસ્ક્રોઈ | ૨૩૯૧૧૫ | ૨૮૩ |
| સાણંદ | ૨૦૫૭૩૧ | ૨૫૫ |

### કુલ મતદાર પૈકી ૬૩ ટકા મતદાર લેઉવા પટેલ

## ડાયમંડ હબ વરાછામાં યોગ્ય ઉમેદવાર ખૂબ ચાવીરૂપ હશે

### સૌરાષ્ટ્ર પાટીદારનું પ્રભુત્વ હોવાથી આ બેઠક પર ભાજપ કોંગ્રેસને યોગ્ય ગણતરીથી જ ઉમેદવારને ઉતારવા પડશે

અમદાવાદ, તા. ૨

ચોર્યાસીમાંથી અલગ કરવામાં આવેલી નવી વિધાનસભા બેઠક વરાછામાં યોગ્ય ઉમેદવારની પસંદગી ખૂબ જ ચાવીરૂપ સાબિત થશે. અહીં ભાજપ અને કોંગ્રેસ બંને માટે યોગ્ય ઉમેદવારની પસંદગી નહીં કરવાની પસંદગી ખૂબ ભારે પડી શકે છે અને હારનો સામનો કરવો પડે છે. વરાછાને ડાયમંડ હબ તરીકે ગણવામાં આવે છે. અહીં સૌરાષ્ટ્ર પાટીદાર સમુદાયનું વર્ચસ્વ રહેલું છે. આંકડા દર્શાવે છે કે આશરે ૬૩ ટકા મતદારો લેઉવા પટેલ છે અને આ તમામ લેઉવા પટેલમાં બહુમતી લોકો અમરેલી જિલ્લામાંથી આવે છે જેથી બિન પાટીદાર ઉમેદવારને મેદાનમાં ઉતારવાની ગણતરી ખતરનાક સાબિત થઈ શકે છે અને રાજકીય આત્મહત્યા સમાન સાબિત થઈ શકે છે. અહીં મતદાન કરવાની પદ્ધતિ પણ હમેશા જુદા પ્રકારની રહી છે. મતદાન પદ્ધતિ મોટાભાગે વ્યક્તિગત સ્થિતિ ઉપર આધારિત રહે છે. રાજકીય પક્ષોને બીજા નંબર ઉપર મહત્વ આપવામાં આવે છે. ઉમેદવાર કોણ છે તેના પર પસંદગી ઉતારવામાં આવે છે જેથી આ બેઠકનું ભાવિ ઉમેદવારની પસંદગી ઉપર આધારિત હોય છે. વધુમાં કેશુભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત પરિવર્તન પાર્ટીની મજબૂત હાજરી પણ દેખાઈ રહી છે. કોંગ્રેસ અને ભાજપ બંનેના ઉમેદવાર માટે કેશુભાઈ પટેલ પરિબળ પણ નિર્ણાયક સાબિત થઈ શકે છે. આ એક માત્ર એવી વિધાનસભા બેઠક છે જ્યાં ભાજપના સાંસદ દર્શના જાર્ડોસ કોંગ્રેસના હરીફ સામે ૧૧૬૧૮ મતે પાછળ રહી ગયા હતા. રાજકીય પંડિતો માને છે કે વરાછાની બેઠકમાં યોગ્ય ઉમેદવારને ઉતારવા માટે ભાજપ અને કોંગ્રેસ બંનેએ છેલ્લા ઘણા દિવસથી તૈયારી હાથ ધરી છે. બંને પક્ષો આ બેઠક ઉપર પાટીદાર સમુદાયને પ્રભાવિત કરી શકે તેવા ઉમેદવારને ઉતારવા ઈચ્છુક છે. જો કે ઉમેદવાર અંગે હજુ સુધી કોઈપણ નિર્ણય કરવામાં આવ્યો નથી. આંતરિક સૂત્રોનું કહેવું છે કે ઘણા નામ ચર્ચામાં છે.

## ઉમેદવારો દ્વારા મતદાન એજન્ટ-પોલીંગ એજન્ટની નિમણૂંક માટે સૂચના

ગાંધીનગર, તા.૧

દરેક હરીફ ઉમેદવાર દરેક મતદાન મથક પર તેઓના મતદાન એજન્ટ નીમી શકે છે. ચૂંટણી આયોગ, નવી દિલ્હીની સુચના અનુસાર ઉમેદવાર દ્વારા જે વ્યકિતને મતદાન એજન્ટ તરીકે નીમવામાં આવે તે વ્યકિત જે તે મતદાન મથકના અથવા તે જ વિધાનસભા મતવિભાગના તે મતદાન મથકની નજીકના મતદાન મથકના મતદાર હોવા જોઈએ. ઉપરાંત કેન્દ્ર સરકાર કે રાજય સરકાર દ્વારા સુરક્ષા કવચ પુરું પાડવામાં આવ્યું હોય તેવી કોઈ પણ વ્યકિતને, મંત્રીશ્રી/સંસદ સભ્ય/ધારાસભ્યને મહાનગર પાલિકાના અને પંચાયતોના અધ્યક્ષ/પ્રમુખને ઉમેદવાર તેઓના મતદાન એજન્ટ તરીકે નીમી શકશે નહીં.

ઉપરાંત મતદાન એજન્ટ તરીકે જે વ્યકિતની નિમણૂંક કરવામાં આવે તે વ્યકિત પાસે મતદાર ફોટો ઓળખકાર્ડ કે સરકાર કે સરકારી એજન્સીએ આપેલું અન્ય કોઈ માન્ય ઓળખકાર્ડ હોવું જોઈએ અને મતદાનના દિવસે મતદાન મથકમાં હાજર દરેક મતદાન એજન્ટે તેઓને સહેલાઈથી ઓળખી શકાય તેવી રીતે તે ઓળખકાર્ડ પ્રદર્શિત કરવાનું રહેશે. ચૂંટણી આયોગ, નવી દિલ્હીની ઉપર્યુકત સુચના ધ્યાને લેવા સંબંધીત સર્વેને આથી વિનંતી કરવામાં આવી છે.

### સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવાનો હેતુ

## ચૂંટણી ફરજના અધિકારીઓ છેલ્લી ઘડીએ જ પસંદ કરાશે

### મતદાનના ૪૮ કલાક પહેલાં ટૂંકી યાદીથી અધિકારીઓને જવાબદારી સોંપાશે : બધાનાં નામ છેલ્લે સુધી ગુપ્ત રહેશે

અમદાવાદ, તા.૨

ગુજરાતમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવાના હેતુસર ચૂંટણી પંચે સાવચેતીના તમામ પગલાં લીધા છે. આ જ દિશામાં આગળ વધીને ચૂંટણી પંચે મતદાન મથક ઉપર ચૂંટણી ફરજ પર રહેલા અધિકારીઓના નામ પણ હાલમાં ગુપ્ત રાખવાનો નિર્ણય કર્યો છે. મતદાનના દિવસના ૪૮ કલાક પહેલાં ટૂંકી યાદીમાંથી અધિકારીઓની પસંદગી કરવામાં આવશે. સરકારી અધિકારીઓ અમદાવાદ જિલ્લામાં મતદાન મથકો માટે પસંદ કરવામાં આવી રહ્યા છે. આ અધિકારીઓની મતદાનના દિવસના ૪૮ કલાક પહેલાં જ ફરજ અંગે જાણ કરવામાં આવશે. રાજ્ય ચૂંટણી ઓફિસમાં જાણકાર સૂત્રોએ કહ્યું છે કે ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકમાં આ જ રણનીતિ અપનાવવામાં આવશે. પત્રકારો સાથે વાતચીત કરતા અમદાવાદ જિલ્લા કલેક્ટર વિજય નહેરાએ કહ્યું છે કે ૪૬૦૦૦ કર્મચારીઓની યાદી તૈયાર કરવામાં આવી છે. આ કર્મચારીઓની જિલ્લામાં મતદાન મથકો ખાતે ચૂંટણી ફરજો માટે તાલિમ આપવામાં આવશે. ત્યારબાદ આ અધિકારીઓની એક ટૂંકી યાદી તૈયાર કરવામાં આવશે. કોમ્પ્યુટર દ્વારા ડ્રો મારફતે અંતે ફરજની ફાળવણી કરવામાં આવશે. આ તમામ અધિકારીઓને સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા વિશેષ તાલિમ આપવામાં આવશે. સ્કૂલ, કોલેજ અને રાજ્ય સરકાર તરફથી આંકડા મળી ગયા બાદ સંભવિતોની યાદી તૈયાર કરી લેવામાં આવી છે. કલેક્ટર અને તેમના ઓફિસરોને પણ ચૂંટણી ફરજમાં કોને તૈનાત કરવામાં આવશે તે અંગે માહિતી આપવામાં આવશે નહીં. અમદાવાદ જિલ્લાના કલેક્ટરનું કહેવું છે કે ચૂંટણી ફરજ પર રહેલા લોકોને બેલોટ પેપર આપી દેવામાં આવશે અને ચૂંટણીની શરૂઆત પહેલા તેમના મતાધિકારનો ઉપયોગ કરી લેશે. અમદાવાદ ૪૮૫૬ મતદાન મથકો ધરાવે છે. દરેકમાં અન્ય સ્ટાફ ઉપરાંત ફર્સ્ટ પોલીગ ઓફિસર, પ્રેસાઈડીંગ ઓફિસર, મહિલા પોલીગ ઓફિસરની તૈનાતી કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર પણ ઈલેક્ટ્રોનીક વોટિંગ મશીનની ચકાસણી કરશે. અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર ૯૯૩૪ બેલોટ યુનિટ ધરાવે છે. જ્યારે ૭૮૮૭ કંટ્રોલ યુનિટ ધરાવે છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પોતાની વ્યૂહરચનાની ગણતરી શરૂ થઈ ચૂકી છે. રાજકીય પક્ષો આક્ષેપ બાજીમાં પડેલા છે. એકબીજાના ઉમેદવારોને પછડાટ આપવા માટે નવી નવી ગણતરી તમામ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવી રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ફરીવાર સંવેદનશીલ મુદ્દા ઉઠવાની શરૂઆત થઈ ચૂકી છે. સૌથી પહેલા શંકરસિંહ વાઘેલાએ ગોધરાકાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારબાદ હવે શશી થરૂરની પત્નીને લઈને મામલા રાજકીય ગરમી પકડી રહ્યો છે.

### સૌરાષ્ટ્ર રાજયના -થમ સીએમ ઢેબરભાઈ


## -ધાનમંડળના સભ્યો એક સ્થળે રહે,એક સાથે જમે અને એક વાહનમાં ફરે તેવા આદર્શો મુખ્યમંત્રીએ સૂચવ્યા હતા

### ઢેબરભાઈના રાજકીય જીવનમાં સાદાઈ અને સાધુતા ટપકતી હતી

**॥ બીજો મણકો ॥**

૧૯૫૦માં સંવિધાનનો અમલ થયો અને દેશમાં સંવિધાન અનુસાર સર્વ-થમ ૧૯૫૨માં દેશવ્યાપી ચૂંટણીઓ કરવામાં આવી હતી. વર્તમાન ગુજરાત રાજયના -દેશો તે વખતે ત્રણ રાજયોમાં વહેંચાયેલા હતા.


તેમાં તળ ગુજરાત -દેશના જિલ્લાઓ, અમરેલી જિલ્લો તથા ઓખામંડળ જૂના મુંબઈ રાજયનો ભાગ હતા, જયારે અમરેલી સિવાયના સૌરાષ્ટ્રના જિલ્લાનો સમાવેશ સૌરાષ્ટ્ર રાજયમાં થયેલો,



મહાદ્વિભાષી મુંબઈ રાજયની રચના કરવામાં આવી હતી.

૧૯૫૨ની સામાન્ય ચૂંટણી બાદ ગુજરાત વિસ્તાર મુંબઈ વિધાનસભાના કાર્યક્ષેત્રમાં હતો તથા સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લા અને ઓખામંડળ સિવાયના જિલ્લાઓના ૬૦ -તિનિધિઓની બનેલી સૌરાષ્ટ્ર વિધાનસભા હતી. સૌરાષ્ટ્રમાં બ્રિટિશ શાસન દરમિયાન નાનામોટાં ૨૨૦ રજવાડા હતા. ૧૯૪૭માં સ્વતંત્રતા મળ્યા બાદ સરદાર વલ્લભભાઈ પટેલની -રણા અને -યાસ બાદ યુનાઈટેડ સ્ટેટ ઓફ સૌરાષ્ટ્રની રચના થતાં કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલીની રચના કરવામાં આવી હતી, જેમાં બધાં રજવાડાના -તિનિધિઓ તથા અન્ય -તિનિધિઓ સભ્યો હતા.

### ગુજરાતની ભૂમિના રાજા



- ગૌતમ પુરોહિત

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત સ્વતંત્ર થતાં સૌરાષ્ટ્રના રજવાડાં પણ પોતે સાર્વભૌમ સત્તા બની ગયેલ. સરદાર વલ્લભભાઈ પટેલની સમજાવટ અને દૂરંદેશીપણાના લીધે જૂનાગઢ સિવાયના રજવાડા ભારત સરકાર સાથે ભળી ગયેલા. અને આરઝી હકૂમત દ્વારા જૂનાગઢનો પણ કબજો લેવામાં આવેલ. રજવાડાનું વિલીનકરણ થતાં યુનાઈટેડ સ્ટેટ ઓફ સૌરાષ્ટ્રની સ્થાપના થઈ અને તેના -થમ મુખ્યમંત્રી તરીકે ઉચ્છંગરાય ઢેબરની તા.૧૫-૪-૪૮ના રોજ વરણી થઈ હતી અને રજવાડાના -તિનિધિઓ અને -તિનિધિઓની બનેલી સૌરાષ્ટ્ર બંધારણસભાની રચના થઈ હતી અને પાછળથી એ સૌરાષ્ટ્ર વિધાનસભા કહેવાઈ.

ઢેબરભાઈએ સૌરાષ્ટ્રના ૨૨૨ રજવાડાંના વિલિનિકરણમાં અગત્યની ભૂમિકા ભજવી હતી જેને ઈતિહાસ યાદ આજેય યાદ કરે છે. રાજકીય અને સામાજીક ક્ષેત્રે કામ કરતા એ સમયના સાક્ષી દોલત ભટ્ટ કહે છે કે ઢેબરભાઈના મંત્રીમંડળમાં બળવંતરાય મહેતા નાયબ મુખ્યમંત્રી, નાનાભાઈ ભટ્ટ શિક્ષણમંત્રી, રસીકલાલ પરીખ ગૃહમંત્રી, જગજીવનદાસ પરીખ નાણામંત્રી અને મનહરલાલ શાહ ઉદ્યોગ અને વ્યાપાર મંત્રી બન્યાં હતા. તેમનું ટૂંકું મંત્રીમંડળ હતું.

૧૯૫૨ની સામાન્ય ચૂંટણી બાદ -થમ સૌરાષ્ટ્ર વિધાનસભા માર્ચ-૧૯૫૨માં રચાઈ. આ વિધાનસભામાં ૬૦ સભ્યો હતા. ઢેબરભાઈ ફરીવાર મુખ્યમંત્રી બન્યા અને એમના મંત્રીમંડળમાં રસિકભાઈ પરીખ, મનુભાઈ શાહ, રતુભાઈ અદાણી, જાદવજી મોદી, ઘનશ્યામભાઈ ઓઝા વગેરે મંત્રીઓ હતા.

તા.૧-૧૧-૧૯૫૬માં દ્વિભાષી મુંબઈ રાજયની રચના થતાં સૌરાષ્ટ્ર વિધાનસભાનું મુંબઈ વિધાનસભામાં વિલીનીકરણ થયું. સૌરાષ્ટ્ર વિધાનસભામાં જસવંત મહેતા અને -ભુદાસ રામજી મહેતા એ બે જ વિરોધપક્ષના સભ્યો હતા. કોંગ્રેસ બાબુભાઈ વૈદ્ય પણ સારી કામગીરી બજાવતા અને પક્ષથી પર રહી સાચી વાત ગૃહમાં રજૂ કરતા હતા.

જશવંત મહેતા સૌરાષ્ટ્ર વિધાનસભામાં સિંહની માફક ગર્જતા. તે વખતે સૌરાષ્ટ્રમાં જશવંત મહેતાનો ખૂબ જ મોટો -ભાવ હતો. તેઓ કહેતા હતા કેઁ વિરોધપક્ષ નાનો છે, પણ તેમનો જુસ્સો બુલંદ છે. અમારા અભિ-ાયને અવગણશો તો તે રાજયના હિત વિરૂદ્ધનું હશે. સૌરાષ્ટ્ર રાજય સારૂં ચાલે છે. જો દ્વિભાષી મુંબઈ રાજયમાં જોડાશો તો સૌરાષ્ટ્રનો વિકાસ રૂંધાઈ જશેઁ. અને થયું પણ એવું જ.

મુંબઈ રાજયમાં ૧૯૪૭થી ૧૯૫૨ સુધી બાળાસાહેબ ખેર મુખ્યમંત્રી હતા. તેમના મંત્રીમંડળમાં ગુજરાત વિસ્તારના ગુલઝારીલાલ નંદા, મોરારજી દેસાઈ, વૈકુંઠરાય મહેતા અને દિનકરરાય દેસાઈ મંત્રીઓ હતા. પાછળથી વડોદરા રાજયનું મુંબઈ રાજયમાં વિલીનકરણ થતાં ડો. જીવરજા મહેતા પણ મંત્રી બન્યા હતા.

મોરારજી દેસાઈ પછીથી મુંબઈના મુખ્યમંત્રી થયા હતા અને ૧૯૫૬માં કેન્દ્ર સરકારમાં જોડાઈ નાણામંત્રી અને છેલ્લે -ધાનમંત્રી બન્યા હતા. ગુલઝારીલાલ નંદા પણ કેન્દ્રમાં જોડાઈ ગૃહમંત્રી થયા અને બે વખત કાર્યકારી વડા-ધાન બન્યા હતા. સૌરાષ્ટ્ર મુંબઈમાં ભળતાં શ્રી રસિકભાઈ પરીખ તથા શ્રી રતુભાઈ અદાણી પણ મુંબઈ રાજયના મંત્રી બન્યા હતા. સૌરાષ્ટ્ર વિધાનસભાના -થમ મુખ્યમંત્રી ઉચ્છંગરાય નવલશંકર ઢેબર(ઢેબરભાઈ)નું જીવન સાદગીથી ભરેલું હતું. નાનપણની ગરીબીના કારણે તેમનું જીવન દીનદુ:ખીયાંની અનુકંપા અનુભવતું હતું. મુંબઈ છોડીને આવેલા ઉચ્છંગરાયે રાજકોટને તેમની કર્મભૂમિ બનાવી હતી. ગાંધીજી સાથેના સત્સંગમાં તેઓ એવાં રંગાઈ ગયાં કે પછી તો સેવાને ધર્મ બનાવી દીધો.

ગાંધીનગરના સેવાભાવી આગેવાન અરૂણ બૂચ નોંધે છે કે ઢેબરભાઈના હુલામણા નામથી જાણીતા ઉચ્છંગરાય અપિગ્રહી જીવન જીવતાં હતા. સ્વરાજયના -થમ ઉમળકામાં તેમણે પોતાના મંત્રીમંડળના સભ્યોને એક સ્થળે રહેવા, એક રસોડે જમવા અને એક વાહનમાં ફરવાના આદર્શો સૂચવ્યા હતા. રાજકોટ શહેરના આંખના ડોક્ટર કેશુભાઈના જૂના સેનેટોરિયના સાદા બે ઓરડાને ઓશરીવાળા મકાનમાં ઢેબરભાઈ નિવાસ કરતા હતા. તેઓ વિધુર હોવાથી તેમની સંભાળ લેવાનું કામ દુદાજી નામના એક સેવાભાવી હરિજન યુવાન કરતા હતા. ઢેબરભાઈએ વહીવટ સંભાળ્યો ત્યારે ટૂંકાગાળામાં દુકાળના ઓળાં ઉતર્યા હતા. આ સમયમાં જ મતદાર યાદીઓ તૈયાર કરવાનું કામ શરૂ થયું હતું. (ક્રમશઃ)